Thursday
02.04.2026
*Volume :10 * Issue No.265
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM — ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક — Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-




# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના સાણંદ ખાતે કેઈન્સ સેમિકોન પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું

## કેઈન્સ સેમિકોન સુવિધાનું ઉદ્ઘાટન આત્મનિર્ભરતા તરફ ભારતના પુશને મજબૂત બનાવે છે; તે મજબૂત સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમ બનાવવાની દિશામાં એક સીમાચિહ્નરૂપ પગલું છેઃ પ્રધાનમંત્રી



**ભારત વૈશ્વિક બજારમાં વિશ્વસનીય સેમિકન્ડક્ટર સપ્લાયર તરીકે તેની ભૂમિકા મજબૂત કરી રહ્યું છેઃ પ્રધાનમંત્રી**

## ૨૦૨૧ માં, ભારતે ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન લોન્ચ કર્યું; આ મિશન માત્ર એક ઔદ્યોગિક નીતિ નથી પરંતુ ભારતના આત્મવિશ્વાસની જાહેરાત છેઃ પ્રધાનમંત્રી

**ભારત આ દાયકામાં જે ટેકનોલોજી પહેલ કરી રહ્યું છે તે આવનારા દાયકાઓમાં તેના નેતૃત્વને મજબૂત કરશેઃ પ્રધાનમંત્રી**

**૨૧મી સદીનું ભારત માત્ર પરિવર્તનનું સાક્ષી નથી, પરંતુ તે પરિવર્તનનું નેતૃત્વ કરવાના સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છેઃ પ્રધાનમંત્રી**










## ૨૧મી સદીનો આ સમયગાળો માત્ર આર્થિક સ્પર્ધાનો સમય નથી, તે ભાવિ ટેક લેન્ડસ્કેપને આકાર આપવાનો સમય છેઃ પ્રધાનમંત્રી

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના સાણંદમાં કેઈન્સ ટેક્નોલોજી (Kaynes Technology) સેમિકન્ડક્ટર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું, જે આ સુવિધામાં ઉત્પાદનની શરૂઆત દર્શાવે છે. તેમણે નોંધ્યું હતું કે તેઓ ૨૮ ફેબ્રુઆરીએ માઈક્રોન પ્લાન્ટમાં ઉત્પાદન શરૂ કરવા માટે સાણંદમાં હાજર હતા અને બરાબર એક મહિના પછી કેઈન્સના સીમાચિહ્નરૂપ ક્ષણ માટે પાછા ફર્યા છે, પ્રધાનમંત્રીએ ભારતની સેમિકન્ડક્ટર સફરની ગતિ પર ભાર મૂક્યો હતો. શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે, "આ માત્ર સંયોગ નથી, તે ભારતની સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ જે ઝડપે વિકસી રહી છે તેનો પુરાવો છે." કેઈન્સ ટેકનોલોજીના નેતૃત્વ, ગુજરાત સરકાર અને પ્લાન્ટના તમામ કામદારોને અભિનંદન આપતા પ્રધાનમંત્રીએ ગર્વ વ્યક્ત કર્યો હતો કે એક ભારતીય કંપનીએ સેમિકન્ડક્ટર ચિપ ઉત્પાદન ક્ષેત્રે પ્રવેશ કર્યો છે. કેઈન્સ હવે વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈનનો ભાગ બની ગઈ છે તેના પર પ્રકાશ પાડતાં શ્રી મોદીએ કહ્યું, "આ એક અદ્ભુત શરૂઆત છે. આવનારા દિવસોમાં ઘણી ભારતીય કંપનીઓ, વૈશ્વિક સહયોગ દ્વારા વિશ્વને એક સ્થિતિસ્થાપક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈન આપશે."પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે આજનો સીમાચિહ્ન ખરેખર 'મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ' ના મંત્રને સાકાર કરે છે. આ સુવિધા કેલિફોર્નિયા સ્થિત કંપનીને ઈન્ટેલિજન્ટ પાવર મોડ્યુલ્સ (Intelligent Power Modules) સપ્લાય કરી રહી છે અને તેના ઉત્પાદનનો મોટો હિસ્સો નિકાસ માટે અગાઉથી જ બુક થઈ ગયો હોવાથી, તેમણે નોંધ્યું હતું કે સાણંદ અને સિલિકોન વેલી વચ્ચે અસરકારક રીતે એક નવો સેતુ બનાવવામાં આવ્યો છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "સાણંદમાં બનેલા મોડ્યુલ્સ અમેરિકન કંપનીઓ સુધી પહોંચશે અને ત્યાંથી સમગ્ર વિશ્વને ઉર્જા આપશે." આ સુવિધામાં ઉત્પાદિત થઈ રહેલા ઈન્ટેલિજન્ટ પાવર મોડ્યુલ્સના વ્યૂહાત્મક મહત્વ પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે તેઓ ભારત અને વૈશ્વિક સ્તરે ઈલેક્ટ્રિક વાહન ઈકોસિસ્ટમ અને ભારે ઉદ્યોગોને મજબૂત બનાવશે. તેમણે આવી વૈશ્વિક ભાગીદારીને વિશ્વના સારા ભવિષ્ય માટેના પાયા તરીકે વર્ણવી હતી. પ્રધાનમંત્રી મોદીએ મક્કમતાથી કહ્યું, "આ માત્ર એક ઉત્પાદન વિશે નથી, આ ભારત વૈશ્વિક બજારમાં વિશ્વસનીય સેમિકન્ડક્ટર સપ્લાયર બનવા વિશે છે." વર્તમાન દાયકાએ લાવેલા પડકારો - રોગચાળાથી લઈને ભૌગોલિક રાજકીય સંઘર્ષો - વિશે વિચારતા પ્રધાનમંત્રીએ અવલોકન કર્યું કે વૈશ્વિક સપ્લાય ચેઈન, ખાસ કરીને ચિપ્સ, રેર અર્થ મિનરલ્સ અને એનર્જીમાં, સૌથી મોટી અસર થઈ છે. આ સપ્લાય ચેઈનમાં વિક્ષેપ સમગ્ર માનવતાની પ્રગતિમાં અવરોધ ઊભો કરે છે તે અંગે વાત કરતાં શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે, "ભારત જેવો લોકશાહી દેશ આ દિશામાં આગળ વધે તે સમગ્ર વિશ્વના વિકાસ માટે નિર્ણાયક છે." પ્રધાનમંત્રીએ યાદ કર્યું કે ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર હબ બનાવવાનો સંકલ્પ કોવિડ મહામારી દરમિયાન જ લેવામાં આવ્યો હતો, જેના કારણે ૨૦૨૧ માં ઈન્ડિયા-સેમિકન્ડક્ટર મિશન શરૂ થયું હતું. સેમિકન્ડક્ટર્સમાં આત્મનિર્ભરતા AI, ઈલેક્ટ્રિક વાહનો, સ્વચ્છ ઉર્જા, સંરક્ષણ અને ઈલેક્ટ્રોનિક્સમાં આત્મનિર્ભરતા તરફ દોરી જાય છે તે સમજાવતાં શ્રી મોદીએ પુષ્ટિ આપી હતી કે, "આ મિશન માત્ર એક ઔદ્યોગિક નીતિ નથી, તે ભારતના આત્મવિશ્વાસની જાહેરાત છે". મિશનની પ્રગતિની વિગતો આપતા પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે છ રાજ્યોમાં રૂ. ૧,૬૦,૦૦૦ કરોડથી વધુના ૧૦ પ્રોજેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે, જેમાં કેઈન્સ અને માઈક્રોન પ્રોજેક્ટ્સ અભિન્ન અંગો છે. તેમણે સ્વદેશી ધ્રુવ ૬૪ માઈક્રોપ્રોસેસર (Dhruv64 microprocessor) ના વિકાસ પર પણ પ્રકાશ પાડ્યો હતો, જે પર ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઓટોમોટિવ ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ડસ્ટ્રિયલ ઓટોમેશન માટે સુરક્ષિત પ્રોસેસર પ્લેટફોર્મ પૂરું પાડે છે. શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે, "ભારત સેમિકન્ડક્ટર વેલ્યુ ચેઈનના દરેક સ્તરે ડિઝાઈન અને ઉત્પાદન કરવાની ક્ષમતા બનાવી રહ્યું છે."

ભારતની સેમિકન્ડક્ટર મહત્વાકાંક્ષાના આગામી તબક્કાની જાહેરાત કરતા, પ્રધાનમંત્રીએ આ વર્ષના કેન્દ્રીય બજેટમાં જાહેર કરાયેલા 'ઈન્ડિયા-સેમિકન્ડક્ટર મિશન ૨.૦' વિશે વાત કરી હતી. સેમિકન્ડક્ટર સાધનો અને સામગ્રીના સ્થાનિક ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરીને, આ નવા તબક્કાનો ઉદ્દેશ્ય ફુલ-સ્ટેક ભારતીય સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ બનાવવાનો છે. પ્રધાનમંત્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે, "અમારો પ્રયાસ હવે એવી ઈકોસિસ્ટમ બનાવવાનો છે જેથી કરીને અમે સ્થાનિક અને વૈશ્વિક સપ્લાય ચેઈન બંનેમાં મોટી ભાગીદારી કરી શકીએ."પ્રધાનમંત્રીએ ભારત દ્વારા ભવિષ્ય માટે તૈયાર કાર્યબળ બનાવવાના પ્રયાસો અંગે વાત કરી હતી અને નોંધ્યું હતું કે ૮૫,૦૦૦ થી વધુ ડિઝાઈન પ્રોફેશનલ્સને તાલીમ આપવાનું લક્ષ્ય ખૂબ જ જલ્દી પ્રાપ્ત થઈ જશે. તેમણે ચિપ્સ ટુ સ્ટાર્ટઅપ (Chips to Startup) કાર્યક્રમ વિશે પણ વાત કરી હતી, જે હેઠળ આશરે ૪૦૦ યુનિવર્સિટીઓ અને સ્ટાર્ટઅપ્સને આધુનિક ડિઝાઈન ટૂલ્સનો ઉપયોગ કરવાની તક આપવામાં આવી છે, જેના પરિણામે ૫૫ થી વધુ ચિપ્સની ડિઝાઈન અને ઉત્પાદન થયું છે. શ્રી મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, "ટેકનોલોજી વિકાસ અને કુશળ કાર્યબળ સાથે ચાલવા જોઈએ, ભારત બંને સુનિશ્ચિત કરી રહ્યું છે." ઉદ્યોગના અંદાજોને ટાંકીને પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે ભારતનું સેમિકન્ડક્ટર માર્કેટ હાલમાં અંદાજે $૫૦ બિલિયન છે અને આ દાયકાના અંત સુધીમાં તે $૧૦૦ બિલિયનને પાર કરી જવાનો અંદાજ છે. ભારતની સેમિકન્ડક્ટર સંકલ્પ પ્રત્યે વૈશ્વિક રોકાણકારોમાં અપાર ઉત્સાહ જોઈને પ્રધાનમંત્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે, "અમારું લક્ષ્ય આપણી જરૂરિયાતો માટે મહત્તમ સંખ્યામાં ચિપ્સ અહીં ભારતમાં જ બનાવવાનું છે." પ્રધાનમંત્રીએ ભારતની પેક્સ સિલિકા (Pax Silica) માં સદસ્યતા અને નેશનલ ક્રિટિકલ મિનરલ્સ મિશનના લોન્ચિંગ સહિત સ્થિતિસ્થાપક કાચા માલની સપ્લાય ચેઈન સુરક્ષિત કરવા માટે ભારતના સમાંતર પ્રયાસો વિશે વાત કરી હતી. તેમણે ખનિજ રિસાયક્લિંગ માટેની ૧,૫૦૦ કરોડની યોજના અને ઓડિશા, આંધ્ર પ્રદેશ, તમિલનાડુ અને કેરળ જેવા દરિયાકાંઠાના રાજ્યોને જોડતા રેર અર્થ કોરિડોર (Rare Earth Corridor) ની જાહેરાત પર પ્રકાશ પાડ્યો હતો. શ્રી મોદીએ કહ્યું, "જો આ કામ ૩૦-૪૦ વર્ષ પહેલાં શરૂ થયું હોત તો સારું હોત, પરંતુ ભારત હવે મિશન મોડમાં આના પર કામ કરી રહ્યું છે." આ દાયકાને ભારતના 'ટેકેડ' (Techade) તરીકે વર્ણવતા પ્રધાનમંત્રીએ ખાસ જણાવ્યું હતું કે વર્તમાન સમયગાળો માત્ર આર્થિક સ્પર્ધા વિશે નથી પરંતુ ભવિષ્યના ટેક લેન્ડસ્કેપને આકાર આપવા વિશે છે. તેમણે AI અપનાવવામાં ભારતના નેતૃત્વ, ડિજિટલ ઈન્ડિયા અને ફિનટેકની સફળતા અને તાજેતરના છૈં ઈમ્પેક્ટ સમિટને ટેકનોલોજી પર ભારતીયોના વિશ્વાસ અને તેને અપનાવવાના પુરાવા તરીકે ટાંક્યા હતા. PM મોદીએ ટિપ્પણી કરી હતી કે, "આપણા સેમિકન્ડક્ટર સેક્ટરના ઉદયથી ભારતની AI ઈકોસિસ્ટમને મોટી તાકાત મળશે." પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ૨૧મી સદીનું ભારત માત્ર પરિવર્તનનું સાક્ષી નથી પરંતુ તેનું નેતૃત્વ કરવા માટે કટિબદ્ધ છે. ઐતિહાસિક નીતિગત નિર્ણયોની યાદી આપતા - IN-SPACe દ્વારા અવકાશ ક્ષેત્રને ખાનગી ખેલાડીઓ માટે ખોલવું, પરમાણુ ક્ષેત્રમાં ઐતિહાસિક SHANTI બિલ અને ક્વોન્ટમ કમ્પ્યુટિંગમાં મિશન-મોડ રોકાણ - તેમણે કહ્યું કે આ પગલાં આવનારા દાયકાઓ માટે ટેકનોલોજી અને ઉર્જા સુરક્ષાનો પાયો નાખી રહ્યા છે. PM મોદીએ પુષ્ટિ આપી હતી કે, "ભારત દરેક જટિલ ટેકનોલોજીમાં અભૂતપૂર્વ રોકાણ અને સુધારા કરી રહ્યું છે, જે વિશ્વભરના રોકાણકારો માટે એક જબરદસ્ત તક છે." કેઈન્સ પ્લાન્ટના ઉત્પાદનો વિશ્વની ફેક્ટરી તરીકે ભારતની સફરને વધુ મજબૂત બનાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા પ્રધાનમંત્રીએ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, ઈઝ ઓફ મેન્યુફેક્ચરિંગ અને ઈઝ ઈન લોજિસ્ટિક્સમાં સતત સુધારો કરવાની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા તમામને પોતાની શુભકામનાઓ પાઠવી હતી.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના કેમ્પ હનુમાન મંદિરેથી હનુમાનજીની ભવ્ય શોભાયાત્રાને પ્રસ્થાન કરાવ્યું

## મુખ્યમંત્રીશ્રીએ દાદાના આશીર્વાદ લીધા અને રથનું પૂજન કરી, રાજ્યના નાગરિકોની સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી









## ગજરાજ, ઊંટગાડી, વિશાળ ગદા, ટ્રક ઉપરાંત 'ઓપરેશન સિંદૂર'નો ટેબ્લો આકર્ષણનું કેન્દ્ર બન્યા

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદના કેમ્પ હનુમાન મંદિર ખાતેથી ભવ્ય શોભાયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ હનુમાન દાદાની પૂજા-અર્ચના કરી, રાજ્યના નાગરિકોની સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. અમદાવાદના શાહીબાગ સ્થિત કેમ્પ હનુમાન મંદિર ટ્રસ્ટ દ્વારા દર વર્ષની પરંપરા અનુસાર ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે સામૂહિક હનુમાન ચાલીસાના પાઠ બાદ આ યાત્રાનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ હનુમાનજીના રથની આરતી ઉતારી હતી અને ત્યાર બાદ શ્રીફળ વધેરીને શોભાયાત્રાના મુખ્ય રથને પ્રસ્થાન કરાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, શોભાયાત્રામાં ગજરાજ, ઊંટગાડી, વિવિધ ટ્રક, 'ઓપરેશન સિંદૂર'ના ટેબ્લો, વિશાળ ગદા, ભજન મંડળીઓ સાથે મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. યાત્રાના રૂટ પર ઠેર ઠેર રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેમ્પ હનુમાન મંદિરના પ્રમુખ સુધીરભાઈ નાણાવટી, એડીસી બેંકના ચેરમેન અજયભાઈ પટેલ, મંદિરના અન્ય ટ્રસ્ટીઓ તેમજ વિશાળ સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના વાવ-થરાદમાં ૨૦,૦૦૦ કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પણ કર્યું



## ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ વિકાસને વેગ આપે છે, ગામડાઓને બજારો સાથે, ખેડૂતોને નવી તકો સાથે અને યુવાનોને રોજગારી સાથે જોડે છેઃ PM









## આજે જ્યારે વિશ્વ ભારતની વિકાસ અને વૃદ્ધિની ગાથા વિશે વાત કરે છે, ત્યારે 'ગુજરાત મોડલ' ના વખાણ થાય છે, ગુજરાતે બતાવ્યું છે કે વિકાસ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ જેટલી જ મહત્વની કલ્યાણકારી યોજનાઓ છેઃ PM



## ગુજરાતમાં જે રીતે સૌર ઊર્જા પ્રોજેક્ટ્સ વિકસાવવામાં આવી રહ્યા છે, તે દિવસ દૂર નથી જ્યારે ગુજરાત વિશ્વમાં અક્ષય ઊર્જાના મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી આવશેઃ PM

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ બનાસકાંઠા જિલ્લાના વાવ-થરાદ ખાતે એક જાહેરસભાને સંબોધિત કરી હતી, જ્યાં તેમણે ઉત્તર ગુજરાત માટે અંદાજે ૨૦,૦૦૦ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. નવરાત્રિનો પવિત્ર તહેવાર હમણાં જ સંપન્ન થયો છે અને આજે ભગવાન મહાવીર જયંતી પણ છે તેની નોંધ લેતા, પ્રધાનમંત્રીએ મા અંબાજી અને ભગવાન શ્રી ધરણીધરજીને નમન કર્યા હતા. પ્રથમ વખત ડીસા એરબેઝ પર સીધા ઉતરાણ કરવા બદલ પોતાનો આનંદ વ્યક્ત કરતા, પ્રધાનમંત્રીએ તેની વ્યૂહાત્મક અગત્યતા પર ભાર મૂક્યો હતો, કારણ કે તે આંતરરાષ્ટ્રીય સરહદથી માત્ર ૧૩૦ કિલોમીટર દૂર છે. તેમણે નિર્દેશ કર્યો કે ખેડૂતોએ આ પ્રોજેક્ટ માટે સ્વેચ્છાએ તેમની જમીન આપી હોવા છતાં, ડીસા એરપોર્ટનું વિસ્તરણ દાયકાઓથી અટવાયેલું હતું. PM મોદીએ ટિપ્પણી કરી કે, "તે અમારી સરકાર છે જેણે આ કામ અગ્રતાના ધોરણે પૂર્ણ કર્યું છે," અને ઉમેર્યું કે આ એરપોર્ટ વિકાસનું સીમાચિહ્ન અને રાષ્ટ્ર માટે એક મોટી વ્યૂહાત્મક સંપત્તિ બંને છે. વાવ-થરાદ અને બનાસકાંઠા ક્ષેત્ર સાથેના તેમના ઊંડા વ્યક્તિગત સંબંધોને યાદ કરતા, પ્રધાનમંત્રીએ એક સંગઠનાત્મક કાર્યકર તરીકેના તેમના દિવસો વિશે વાત કરી હતી, જ્યારે તેઓ આ વિસ્તારના ગામડાઓમાં લાંબો સમય વિતાવતા હતા. તેમણે આ પ્રદેશની માતાઓ અને બહેનો દ્વારા પ્રેમથી તૈયાર કરવામાં આવેલા બાજરીના રોટલા, ઘી, ગોળ અને શીરાને સપ્રેમ યાદ કર્યા હતા. આ પ્રદેશના વિકાસ સાથેના તેમના ૨૫ વર્ષના જોડાણ પર પ્રતિબિંબિત કરતા, પ્રધાનમંત્રીએ નોંધ્યું કે મુખ્યમંત્રી તરીકે તેમને વિકાસની જે શૃંખલા શરૂ કરવાનું સૌભાગ્ય મળ્યું હતું તે અવિરત ચાલુ રહી છે, જે હવે ૨૦૧૪થી વર્તમાન સરકાર દ્વારા વધુ મજબૂત બની છે. આજે લોન્ચ કરવામાં આવેલા પ્રોજેક્ટ્સ ઊર્જા, રસ્તાઓ, રેલવે અને આવાસ ક્ષેત્રે ફેલાયેલા છે તેના પર ભાર મૂકતા PM મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ૨૦,૦૦૦ કરોડના આ પ્રોજેક્ટ્સ આ વિસ્તારનું આખું ચિત્ર બદલી નાખશે અને અહીંના જીવનને નવી ગતિ આપશે." રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની વિગતો આપતા, પ્રધાનમંત્રીએ ઈડરથી વડાલી બાયપાસ સુધીના ૪-લેન હાઈવે, ધોળાવીરાથી સાંતલપુર સુધીના હાઈવે અપગ્રેડેશન અને સંપૂર્ણ અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવે કોરિડોરના સમર્પણ વિશે વાત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આવી કનેક્ટિવિટી તેની સાથે ઉદ્યોગો, રોકાણ અને તકો લાવે છે. રેલ કનેક્ટિવિટી પર, તેમણે હિંમતનગરથી ખેડબ્રહ્મા સુધીના ગેજ પરિવર્તન પર પ્રકાશ પાડ્યો હતો, જે ઉત્તર ગુજરાતના આદિવાસી વિસ્તારોને રાષ્ટ્રીય બ્રોડ ગેજ નેટવર્ક સાથે જોડે છે, અને ખેડબ્રહ્મા, હિંમતનગર અને અસરવાને જોડતી નવી ટ્રેન સેવાની શરૂઆત કરી હતી.

શ્રી મોદીએ ટિપ્પણી કરી કે, "જ્યારે ગામડાઓ બજારો સાથે, ખેડૂતો તકો સાથે અને યુવાનો રોજગારી સાથે જોડાય છે, ત્યારે તે સાચો વિકાસ છે." ઔદ્યોગિક વિકાસ અને નવા રોકાણને આગળ ધપાવવામાં ઊર્જાની નિર્ણાયક ભૂમિકા પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્ક સાથે જોડાયેલા ટ્રાન્સમિશન પ્રોજેક્ટ્સ વિશે વાત કરી, જે ૪.૫ ગીગાવોટ વીજળી ઉત્પન્ન કરશે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૨૦૧૦માં ચારણકા ખાતે દેશના પ્રથમ સોલર પાર્કનો શુભારંભ કર્યો હતો તે યાદ કરતાં તેમણે નોંધ્યું હતું કે આ પ્રારંભિક પહેલે અક્ષય ઊર્જામાં ગુજરાતના વર્તમાન નેતૃત્વનો પાયો નાખ્યો હતો. PM મોદીએ પુષ્ટિ આપી હતી કે, "તે દિવસ દૂર નથી જ્યારે ગુજરાત અક્ષય ઊર્જામાં એક મુખ્ય વૈશ્વિક કેન્દ્ર તરીકે ઉભરી આવશે." પ્રધાનમંત્રીએ અવલોકન કર્યું કે જ્યારે વિશ્વ ભારતની વૃદ્ધિની ગાથાની ચર્ચા કરે છે, ત્યારે 'ગુજરાત મોડલ'ની વ્યાપક પ્રશંસા કરવામાં આવે છે, કારણ કે તે દર્શાવે છે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને જાહેર કલ્યાણ સાથે મળીને ચાલવા જોઈએ. આજના કાર્યક્રમમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આશરે ૪૦,૦૦૦ પરિવારોને પાકાં મકાનો મળ્યાં છે તેની નોંધ લેતા તેમણે કહ્યું હતું કે, "પાકું મકાન પરિવારના જીવનમાં જે પરિવર્તન લાવે છે તે લાભાર્થીઓના ચહેરા પર દેખાય છે, રસ્તાઓ અને હાઈવે તો બનવા જ જોઈએ, પરંતુ સામાન્ય માણસનું જીવનધોરણ પણ સુધરવું જોઈએ." દાયકાઓ સુધી ઉત્તર ગુજરાતે જે મુશ્કેલીઓ વેઠી હતી તેને યાદ કરતા - દુષ્કાળ, પાણીની તીવ્ર અછત - પ્રધાનમંત્રીએ એ સમય વિશે વાત કરી જ્યારે મહિલાઓને પાણી લાવવા માટે કિલોમીટર સુધી ચાલવું પડતું હતું અને ખેડૂતોને તેમના શ્રમનું યોગ્ય મૂલ્ય મળી શકતું નહોતું. તેમણે ગુજરાતના લોકોની તેમની નિયતિ બદલવાના સંકલ્પની ભાવનાને શ્રેય આપ્યો અને સુજલામ સુફલામ યોજના અને નર્મદાના પાણીના વિસ્તરણને પરિવર્તનકારી હસ્તક્ષેપ તરીકે હાઈલાઈટ કર્યા.

PM મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "આજે અહીંનો ખેડૂત હવે એક જ પાક પર નિર્ભર નથી, બનાસકાંઠાનું અગ્રણી બટાટા ઉત્પાદક તરીકે ઉભરી આવવું તે પોતે જ એક ઉદાહરણ છે." ગુજરાતની અવિરત ૨૫ વર્ષની વિકાસયાત્રાની ઉજવણી કરતા, પ્રધાનમંત્રીએ નોંધ્યું કે રાજ્યએ કેવી રીતે સતત પોતાના જ રેકોર્ડ્સ બનાવ્યા છે અને તેને વટાવ્યા છે. તેમણે ૬૫૦ કરોડના બજેટ સાથે ૨૦૦૫ માં 'શહેરી વિકાસ વર્ષ' શરૂ કર્યાનું યાદ કર્યું, જે હવે વધીને ૩૩,૦૦૦ કરોડથી વધુ થઈ ગયું છે. ૯ નવી મહાનગરપાલિકાઓ માટે ૨,૩૦૦ કરોડના લગભગ ૩૦૦ પ્રસ્તાવોની મંજૂરી, ૭૨ નગરપાલિકાઓના અપગ્રેડેશન અને ૪ લાખ કરોડથી વધુના રાજ્ય બજેટ તરફ ઈશારો કરતા તેમણે ખાતરી આપી હતી કે વિકાસ દરેક ગામ, નગર અને શહેર સુધી પહોંચશે. શ્રી મોદીએ પુષ્ટિ આપી હતી કે, "જ્યાં સુધી તમારો વિશ્વાસ પંચાયતથી પાર્લામેન્ટ સુધી રહેશે, ત્યાં સુધી વિકાસની સુપરફાસ્ટ એક્સપ્રેસ આ ગતિએ દોડતી રહેશે." વૈશ્વિક પરિસ્થિતિ તરફ વળતા, પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે જ્યારે ઘણા દેશો યુદ્ધ, અસ્થિરતા અને બળતણના વધતા ભાવો સાથે ઝઝૂમી રહ્યા છે, સુપરપાવર રાષ્ટ્રોમાં પણ ડીઝલ અને પેટ્રોલના ભાવમાં ૧૦ થી ૨૫ ટકાનો વધારો થયો છે, ત્યારે ભારતે તેની સફળ વિદેશ નીતિ અને તેના લોકોની એકતા દ્વારા સ્થિતિને નિયંત્રણમાં રાખી છે. કોવિડ રોગચાળા દરમિયાન રાષ્ટ્રના સંયુક્ત પ્રતિસાદને યાદ કરતા, પ્રધાનમંત્રીએ નાગરિકોને વર્તમાન પડકારજનક સમયમાં પણ સાથે ઊભા રહેવા વિનંતી કરી હતી. પીએમ મોદીએ છેલ્લે જણાવ્યું હતું કે, "જ્યારે વિશ્વ સંઘર્ષ કરી રહ્યું છે ત્યારે ભારતે માત્ર સ્થિરતા જ જાળવી નથી, તે દરરોજ વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યું છે, અને આજના પ્રોજેક્ટ્સ આ સંકલ્પનું બીજું ઉદાહરણ છે."



કમલમ્,

સંતરામપુર તાલુકા કન્યા શાળા ખાતે મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રીમતી સુમનબેન જયંતિભાઇ પટેલ ના વય નિવૃત્ત સન્માન સમારોહ પ્રસંગે ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડિંડોર ઉપસ્થિત રહી વય નિવૃત્તિ બાદનું જીવન નિરોગી રહે તેવી શુભકામનાઓ તેમજ તેમના આગળના ઉજ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી. આ તકે સંતરામપુર APMC ચેરમેનશ્રી શાંતીલાલ પટેલ, અર્બન બેંક ચેરમેનશ્રી નરેન્દ્રભાઈ પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રીશ્રી હરેશભાઈ પટેલ, ખજાનચી ચંપકભાઈ ડામોર, ટીચર્સ સોસાયટી ચેરમેનશ્રી શાંતીલાલ સહાની, કાર્યકર્તાઓ, આચાર્યશ્રી, શિક્ષકમિત્રો, વિદ્યાર્થીઓ, ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.



કમલમ્,

સંતરામપુર તાલુકાના સીમલીયા ખાતે વીર શહીદ અ.ચો. કટારા પગાર કેન્દ્ર પ્રા. શાળાના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર ના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ તકે ગુજરાત પ્રદેશ આદિજાતિ મોરચાના મંત્રીશ્રી સંજયભાઈ પારગી, જિલ્લા ઉપપ્રમુખશ્રી દીપકભાઈ ચાવડા, જિલ્લા ઉપપ્રમુખ અને સંતરામપુર તાલુકા મંડળ પ્રભારીશ્રી સી. એન.બારીયા, સહપ્રભારી શ્રીમતિ જ્યાબેન ઠાકોર, જિલ્લા જી મોરચા મહામંત્રીશ્રી ચંદ્રસિંહ ડામોર, સંતરામપુર તાલુકા મંડળ પ્રમુખશ્રી શૈલેન્દ્રસિંહ ખાંટ, મહામંત્રીશ્રી તેરસીંગભાઈ નિનામા, ગોપાલ બાપુ, સચિન શાહ, સરપંચશ્રીઓ અને નવનિયુક્ત શક્તિકેન્દ્રના પ્રભારીશ્રી, શક્તિકેન્દ્ર સંયોજકશ્રી તથા સહ-સંયોજકશ્રી, બુથ પ્રમુખશ્રીઓ, સક્રિય કાર્યકરતાઓ હજર રહ્યાં હતાં.



કમલમ્,

સંતરામપુર તાલુકાના નરસીંગપુર જિલ્લા પંચાયતના નરેન્દ્રભાઈ પરમાર ના નિવાસ સ્થાન ખાતે "શક્તિકેન્દ્ર સંધાન" બેઠક ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર ના અધ્યક્ષ સ્થાને ઉત્સાહ અને ઉમંગ સાથે યોજાઈ. સંગઠનને વધુ મજબૂત બનાવવા અને આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યકર્તાઓએ બૂથ જીત— ચૂંટણી જીતના સંકલ્પ સાથે ભાજપને વધુ મજબૂત બનાવવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. સંગઠન જ ભાજપની સૌથી મોટી શક્તિ છે. આ તકે જિલ્લા ઉપપ્રમુખશ્રી દીપકભાઈ ચાવડા, જિલ્લા ઉપપ્રમુખ અને સંતરામપુર તાલુકા મંડળ પ્રભારીશ્રી સી. એન.બારીયા, સહપ્રભારી શ્રીમતિ જયાબેન ઠાકોર, ઉપપ્રમુખશ્રી ડો. ઈશ્વરભાઈ ડામોર, જિલ્લા જી મોરચા પ્રમુખશ્રી મનોજભાઈ મકવાણા, જિલ્લા મંત્રી શ્રીમતિ લીલાબેન મકવાણા, સંતરામપુર તાલુકા મંડળ પ્રમુખશ્રી શૈલેન્દ્રસિંહ ખાંટ, મહામંત્રીશ્રી તેરસીંગભાઈ નિનામા, ગોપાલ બાપુ, પ્રકાશભાઈ, રમેશભાઈ ભાભોર, સચિન શાહ, સરપંચશ્રીઓ અને નવનિયુક્ત શક્તિકેન્દ્રના પ્રભારીશ્રી, શક્તિકેન્દ્ર સંયોજકશ્રી તથા સહ-સંયોજકશ્રી, બુથ પ્રમુખશ્રીઓ, સક્રિય કાર્યકરતાઓ હાજર રહ્યાં હતાં.

# રાજ્ય સરકારે કામરેજ વિધાનસભા વિસ્તારમાં રૂ. ૨૩.૬૦ કરોડના ખર્ચે ૫૮ કિ.મી. લંબાઈના ૨૨ રસ્તાઓના રિસર્ફેસિંગ કામોને આપી મંજૂરી

## કામરેજ વિધાનસભાના નાગરિકોની સુખાકારીમાં વધારો કરતા નિર્ણય બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કરતા આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા

કમલમ્, સુરત

રાજ્ય સરકાર દ્વારા છેવાડાના માનવીની સુખાકારી અને આંતરમાળખાકીય સુવિધાઓને વેગ આપવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કામરેજ ધારાસભ્ય અને આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયાની રજૂઆત અને પ્રયાસોના પરિણામે રાજ્ય સરકાર દ્વારા કામરેજ વિધાનસભા મતવિસ્તારમાં 'નોન-પ્લાન' હેઠળના રસ્તાઓના નવીનીકરણ માટે રૂ. ૨૩.૬૦ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ હેઠળ કુલ ૫૮ કિલોમીટર લંબાઈના નાના-મોટા ૨૨ જેટલા રસ્તાઓનું રિસર્ફેસિંગ કામ હાથ ધરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા આયોજનમાં અંદાજે રૂ. ૧.૯૦ કરોડના ખર્ચે ૫ કિ.મી. લાંબો ઉંભેળ-વલણ રોડ (વાયા ખાંધપુર), રૂ. ૧.૪૦ કરોડના ખર્ચે વેલંજા-શેખપુર રેલવે ક્રોસિંગથી સાયણ સુગર ફેક્ટરી રોડ અને રૂ. ૧.૫૦ કરોડના ખર્ચે ૩.૮૦ કિ.મી. લાંબો સેવણી-દેલાડ રોડ જેવા મહત્વના માર્ગોના રિસરફેસિંગનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત લાડવી, કઠોદરા, પરબ, જોળવા, નવી પારડી, અંત્રોલી અને થોરોલી જેવા ગામોને જોડતા ગ્રામ્ય માર્ગોનું પણ નવીનીકરણ કરવામાં આવશે. નેશનલ હાઈવે-૮ થી ગિરનાર હોટલ અને આંબોલી ગામને જોડતા એપ્રોચ રોડ માટે પણ રૂ. ૧.૦૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. ટીમ કામરેજ ભાજપાના સતત પ્રયાસો અને રાજ્ય સરકારના જનહિતલક્ષી અભિગમથી આ રસ્તાઓના કામો પૂર્ણ થતા પંથકમાં વાહનવ્યવહાર વધુ સુગમ બનશે. નાગરિકોની યાતાયાત સુવિધા અને સુખાકારીમાં વધારો કરતા આ નિર્ણય બદલ આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો કામરેજની જનતા વતી આભાર વ્યક્ત કર્યો છે.

કામરેજ વિધાનસભા વિસ્તારોમાં આ માર્ગોનું થશે રિસર્ફેસિંગ

- રૂ. ૬૦ લાખ ખર્ચે ૦.૮૦ કિ.મી. લાંબો દ્રઉઁ-૮ થી ચોર્યાસી એપ્રોચ રોડ
- રૂ. ૮૦ લાખના ખર્ચે ૧.૮૦ કિ.મી. લાંબો ઉંભેળ લાડવી રોડ
- રૂ. ૯૫ લાખના ખર્ચે ૨.૫૦ કિ.મી. લાંબો નાગોદ દેથલી રોડ
- રૂ. ૧.૪૦ કરોડના ખર્ચે ૨.૬૦ કિ.મી. લાંબો વેલંજા, શેખપુરથી રેલવે ક્રોસિંગ સુધી સાયણ સુગર ફેક્ટરી રોડ
- રૂ. ૧.૯૦ કરોડના ખર્ચે ૫.૦૦ કિ.મી. લાંબો ઉંભેળ વલણ રોડ વાયા ખાંધપુર રોડ
- રૂ. ૯૫ લાખના ખર્ચે ૨.૧૫ કિ.મી. લાંબો લાડવી કઠોદરા રોડ
- રૂ. ૧.૦૫ કરોડના ખર્ચે ૨.૬૦ કિ.મી. લાંબો પરબ જોળવા રોડ
- રૂ. ૮૦ લાખના ખર્ચે ૧.૫૦ કિ.મી. લાંબો ધોરણપારડી નવીપારડી જોઈનીંગ નવી પારડી લીમોદરા રોડ
- રૂ. ૧.૪૦ કરોડના ખર્ચે ૩.૫૦ કિ.મી. લાંબો ધોરણપારડી નવીપારડી વિદ્યા મંગલ શાળા રોડ
- રૂ. ૧.૩૦ કરોડના ખર્ચે ૩.૫૦ કિ.મી. લાંબો ચીખલી મોટીફળોદ રોડ
- રૂ. ૧.૩૫ કરોડના ખર્ચે ૩.૫૦ કિ.મી. લાંબો ધોરણપારડી અંત્રોલી થોરોલી જોઈનીંગ પાંજરાપોળ રોડ
- રૂ. ૯૫ લાખના ખર્ચે ૨.૫૦ કિ.મી. લાંબો હલધરુ, આશ્રમશાળા રોડ
- રૂ. ૭૫ લાખના ખર્ચે ૨.૦૦ કિ.મી. લાંબો કોળીભરથાણાને જોઈ. નનસાડ જોખા મોરથાણા રોડ
- રૂ. ૧.૩૫ કરોડના ખર્ચે ૩.૪૦ કિ.મી. લાંબો વાવ ટુ જોઈ. નનસાડ જોખા મોરથાણા રોડ
- રૂ. ૧.૩૫ કરોડના ખર્ચે ૩.૪૫ કિ.મી. લાંબો વેલંજા થી જોઈનીંગ કેનાલ રોડ
- રૂ. ૧.૩૦ કરોડના ખર્ચે ૩.૫૦ કિ.મી. લાંબો વિહાણ ઓરણા રોડ
- રૂ. ૬૦ લાખના ખર્ચે ૧.૫૦ કિ.મી. લાંબો શેખપુર કારેલી રોડ
- રૂ. ૧.૫૦ કરોડના ખર્ચે ૩.૮૦ કિ.મી. લાંબો સેવણી દેલાડ રોડ
- રૂ. ૮૦ લાખના ખર્ચે ૨.૦૦ કિ.મી. લાંબો સેગવા આસ્તા રોડ
- રૂ. ૩૫ લાખના ખર્ચે ૦.૮૦ કિ.મી. લાંબો સેવણીથી પી.એચ.સી. એપ્રોચ રોડ
- રૂ. ૧.૧૦ કરોડના ખર્ચે ૩.૦૦ કિ.મી. લાંબો માંડવા ઉંભેળ રોડ
- રૂ. ૧.૦૫ કરોડના ખર્ચે ૨.૬૦ કિ.મી. લાંબો ને.હા.-૮ થી ગિરનાર હોટલથી આંબોલી ગામ રોડ

